॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૧૭

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સં. ૨૦૬૮ પ્રથમ ભાદરવા સુદ-૫


સંકલન
શાહ બાબુલાલ સરેમલ


જિનશાસનના શણગાર, શાસનના અણગાર શ્રમણ-શ્રમણી ભગવંતોના ચરણોમાં સેવકની સાદર કોટિશઃ વંદનાવલી

જિનાજ્ઞાસમારાધક શ્રેષ્ઠીવર્યશ્રી / પંડીતવર્યશ્રી / વિધિકારકશ્રીને પ્રણામ...

ગત ૧૬ માં પરિપત્રમાં આપણે વિચાર્યું કે પૂર્વકાળે એક પરંપરા અને મર્યાદાને કારણે જ્ઞાનભંડારોની સુરક્ષા અને વ્યવસ્થિત જાળવણી-સાચવણી હતી. પંરતુ વર્તમાન પરિસ્થિતિમાં શહેરીકરણ અને હાલના અત્યાધુનિક યાંત્રિક યુગના જમાનામાં જ્ઞાનક્ષેત્ર જ્યારે નબળુ પડી રહેલું જણાતું હોય ત્યારે શ્રી સંઘના મોભીઓએ શ્રુતભક્તિ નિમિત્તે કેટલાક મુદ્દાઓ અવશ્ય ધ્યાન પર લેવા જોઇએ, જેની ક્રમિક વિચારણા કરીએ.

-: શ્રુતજ્ઞાન ક્ષેત્રે શ્રીસંઘના મોભીઓનું કર્તવ્ય, બાળ સંસ્કરણ :-

(૧) શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાઓ જે ભક્તિ અને બહુમાનભાવથી શ્રુતની ઉપાસના કરે છે, તેમની એ ભાવનાને સાકારિત કરવી. વ્યાખ્યાન દ્વારા પોતાની જિજ્ઞાસાને તેઓ સંતોષે છે, એમાં પણ શ્રીસંઘનું જ્ઞાન, સમજણ અને આચારનું સ્તર હજી વિશેષ ઉંચું આવે એ માટેના કેટલાક પ્રયત્નો આ પ્રમાણેના કરી શકાય.

(૨) શ્રીસંઘના બાળકોમાં બાળપણથી જ ધાર્મિક જ્ઞાન અને સંસ્કારોનું સિંચન થાય એ માટે પાઠશાળાના કાર્યને વેગ આપવો. આજે ૧૪-૧૫ વરસ થાય એટલે બાળકો-છોકરાઓ પાઠશાળા જવાનું ટાળે છે. સ્કુલના અભ્યાસનું બર્ડન ઘણું હોય, તથા મહત્વ પણ તેનું જ આંકતા હોઇ ધાર્મિક અભ્યાસની ઉપેક્ષા જ થાય છે. જેના ઉકેલ રૂપે પ્રારંભિક બીજા ત્રીજા વરસથી જ ટીની-મીની પાઠશાળા કે વજસ્વામી પાઠશાળા વગેરે જેવા પ્રયોગો દ્વારા તેઓમાં ધાર્મિક સંસ્કરણ સિંચન કરવું જોઇએ.

વ્યવહારિક દુનિયામાં આજે ૩ વર્ષથી સ્કુલ શરૂ થઇ જાય છે. એટલા કે એથી નાની ઉંમરના પણ કોમ્પ્યુટર અને મોબાઇલમાં ગેમરમતા હોય છે. કેટલીયે જાતના નવા નવા કોર્સ કરતા હોય છે, નવું નવું ઘણું શીખતા હોય છે. અર્થાત્ પહેલા કરતા આઇક્યૂ લેવલ જ્યારે આજે ખૂબ વધ્યો છે. ત્યારે તેનો ઉપયોગ ધાર્મિક સંસ્કરણ ક્ષેત્રે અવશ્ય કરી જ લેવો જોઇએ. મા-બાપોને પણ પોતાનું બાળક દુનિયાની કોઇ આવડતથી વંચિત ન રહી જાય એવી ઘગશ હોય છે. ત્યારે એ બાળકના આલોક-પરલોકને સુધારનારા સંસ્કરણથી તો એ શી રીતે વંચિત રહેવું જોઇએ. ?

યોગ્ય ગુરુભગવંતના મુખે સકળ શ્રીસંઘમાં આ બાબતની મહત્તા સમજાવાય, જાગૃતિ આવે અને તેના સંન્નિષ્ઠ પ્રયત્નો થાય તે ઇચ્છનીય છે. અન્યથા ભવિષ્યની આખી પેઢી જો ધાર્મિક સંસ્કરણહીન હશે તો ભવિષ્યમાં શ્રીસંઘનો વહીવટ, તીર્થોનો વહીવટ, શ્રીસંઘની આરાધના વગેરેનો મોટો પ્રશ્ન ઉભો થાય. વર્તમાન શિક્ષણ પામેલી એક નાસ્તિક પેઢીના હાથમાં સંઘનું સુકાન-સંચાલન જાય એ પણ એક મોટી ચિંતાનો અને વિચારણાનો વિષય છે.

ચાતુર્માસમાં અનુષ્ઠાનોના ફંડની, પ્રભાવનાની, એકાસણા-બિયાસણાની વ્યવસ્થા કરવી, આંબેલખાતાનો તોટો પૂરો કરવો, કે થોડી ઘણી સામગ્રીની ખરીદી કરવી કે એટલા ને એવા કાર્યો કરવા માત્રથી સંઘના મોભીપણાની ઇતીશ્રી નથી.

શ્રીસંઘના વાસ્તવિક નક્કર સુદૃઢ ભવિષ્યના વિચારણા કરવી, તે માટેના સંન્નિષ્ઠ પ્રયાસો કરવા, એ હેતુ સિદ્ધિ થાય એ માટેની પરિસ્થિતિ-સંયોગો ગોઠવવા એ શ્રીસંઘનું ઉંચી ક્વોલીટીનું મોભીપણું છે. અને દરેક શ્રીસંઘમાં આ સ્વરૂપની વિચારણાવાળા, પ્રયત્નવાળા એક-બે-ચાર જણ હોય જ છે. તેઓ પોતાનો પ્રયત્ન કરે અને અન્ય સર્વ ટ્રસ્ટીઓ આંતરીક મનોભાવોને-મતભેદોને બાજુમાં મુકીને શ્રીસંઘ હિતાર્થે તેમને સપોર્ટ કરે તો આ સ્વરૂપના જિનશાસનના નક્કર કાર્યો થાય.

જ્ઞાનક્ષેત્રે શ્રીસંઘના મોભીઓએ કરવા યોગ્ય હજી અન્ય કાર્ય આવતા અંકમાં વિચારીશું.

" दासोऽहं सर्व साधूनाम् " લી. જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

# સંવત ૨૦૬૭-૨૦૬૮ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | બત્રીસીના સથવારે કલ્યાણના પગથારે-૬ | આ. અભયશેખરસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | કર્મતારી ગતિ ન્યારી (તરંગવતિ) | પં. પદ્મસેનવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩ | નવપદ પ્રકાશ (પંચ પરમેષ્ઠી) | પં. પદ્મસેનવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪ | સૂરિમન્ત્ર આરાધના નિત્યક્રમ | આ. સોમચન્દ્રસૂરિજી | ગુજ. | નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ ટ્રસ્ટ |
| ૫ | ૨૧ દિવસીય શ્રી સૂરિમન્ત્ર આરાધના | આ. સોમચન્દ્રસૂરિજી | ગુજ. | નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ ટ્રસ્ટ |
| ૬ | સૂરિમન્ત્ર પન્યપ્રસ્થાન પ્રારંભવિધિ | આ. સોમચન્દ્રસૂરિજી | ગુજ. | નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ ટ્રસ્ટ |
| ૭ | સૂરિમન્ત્ર પૂર્ણાહૂતિ પુજન વિધિ | આ. સોમચન્દ્રસૂરિજી | ગુજ. | નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ ટ્રસ્ટ |
| ૮ | પાકૃત વિજ્ઞાન સંક્ષેપ | આ. સોમચન્દ્રસૂરિજી | ગુજ. | નેમિવિજ્ઞાન કસ્તુરસૂરિ ટ્રસ્ટ |
| ૯ | કર્પૂર સુવાસ-ભા. ૧ થી | કપુરચંદ વારૈયા | ગુજ. | રાંદેરરોડ જૈન સંઘ |
| ૧૬ | કર્પૂર સુવાસ ભા-૮ | સંપા. શ્રીચંદ્રસૂરિજી | ગુજ. | રાંદેરરોડ જૈન સંઘ |
| ૧૭ | શ્રી વલ્લભીય લઘુકૃતિ-સમુચ્ચય | પૂ. વિનયસાગરજી | સં/હિં | રાંદેરરોડ જૈન સંઘ |
| ૧૮ | લેખ સંગ્રહ - ૧ | પૂ. વિનયસાગરજી | હિં | રાંદેરરોડ જૈન સંઘ |
| ૧૯ | જૈન દર્શન | ડૉ. નગીન જી. શાહ | ગુજ. | ૧૦૮ જૈન તીર્થ દર્શન ટ્રસ્ટ |
| ૨૦ | રાજ સ્મરણ | આ. રાજશેખરસરિજી | ગુજ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૨૧ | આચારાંગ સૂત્ર ભા-૮ થી ૧૪(વ્યાખ્યાનો) | આ. કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૨ | અધ્યાત્મકલ્પદ્રુમ | ટીકા ધનવિજયજી ગણિ | સં | સૂરિરામદીક્ષા શતાબ્દિ સમિતિ |
| ૨૩ | ઐતિહાસિક રાસ સંગ્રહ ભા. ૧ થી ૪ | પૂ. વિજય ધર્મસૂરિજી | ગુજ. | સૂરિરામદીક્ષા શતાબ્દિ સમિતિ |
| ૨૪ | આચારાંગ સૂત્ર ભા-૧ થી ૫ (પ્રવચન) | આ. દર્શનરત્નસૂરિજી | હિં | જૈન પ્રવચન પ્રકાશ |
| ૨૫ | જૈન રામાયણ | આ. દર્શનરત્નસૂરિજી | હિં | જૈન પ્રવચન પ્રકાશ |
| ૨૬ | કનક ગીતા | ગણિ તીર્થભદ્રવિજયજી | ગુજ. | --------------------- |
| ૨૭ | માનતુંગ સૂરિજી સાહિત્ય સંગ્રહ ભા-૨ | પં. ધર્મતિલકવિજયજી | ગુજ. | માનતુંગસૂરિ જૈન ગ્રંથમાળા |
| ૨૮ | ગચ્છાચાર પ્રકીર્ણક(વાનર્ષિગણિ ટાકા) | શ્રી તત્વપ્રભવિજયજી | સં. | જિનપ્રભસૂરિજી જૈન ગ્રંથમાળા |
| ૨૯ | ગચ્છાચાર પ્રકીર્ણમ(વિજયવિમલગણિટીકા | શ્રી તત્વપ્રભવિજયજી | સં. | જિનપ્રભસૂરિજી જૈન ગ્રંથમાળા |
| ૩૦ | સ્થુલભદ્ર ચરિત્રમ્ | શ્રી તત્વપ્રભવિજયજી | સં. | જિનપ્રભસૂરિજી જૈન ગ્રંથમાળા |
| ૩૧ | શીલદૂતમ્ | શ્રી તત્વપ્રભવિજયજી | સં. | જિનપ્રભસૂરિજી જૈન ગ્રંથમાળા |
| ૩૨ | દશવૈકાલિક સૂત્ર(સંસ્કૃત છાયા સહ) | શ્રી તત્વપ્રભવિજયજી | પા./સં | જિનપ્રભસૂરિજી જૈન ગ્રંથમાળા |
| ૩૩ | મૃત્યુના જન્માક્ષર | પં. મુક્તવલ્લભવિજયજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૩૪ | વિહારયાત્રા અને વિચારયાત્રા | પં. મુક્તવલ્લભવિજયજી | ગુજ. | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૩૫ | યોગ વિંશિકા | પૂ. ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૩૬ | ઉર્જા પુરુષ(પં. ચંદ્રશેખરવિજયજી) | પૂ. દિવ્યવલ્લભવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૩૭ | સિંહ કેશરાનો સ્પર્શ (પં. ચંદ્રશેખરવિજયજી) | પૂ. આત્મદર્શનવિજયજી | ગુજ. | -------------------- |
| ૩૮ | સમાધિનો સદા સાથી | પં. રાજરત્નવિજયજી | ગુજ. | લીલાવતીબેન ઝવેરચંદ |
| ૩૯ | નંદનવનના ફૂલો ભા-૧, ૨ | પં. રાજરત્નવિજયજી | ગુજ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૪૦ | અર્ધશતાબ્દિનું અજવાળું (આ. અશોકસાગરસૂરિજી) | પૂ. સૌમ્યચન્દ્રસાગરજી | ગુજ. | જંબુદ્વિપ વર્ધમાન જૈન પેઢી |

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૪૧ | યોગમાર્ગના માઇલ સ્ટોન | પૂ. હૃદયરત્નવિજયજી | ગુજ. | અર્હદ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૪૨ | ભારતીય દર્શનોમાં પરિણામવાદ | શ્રી વસંત પરીખ | ગુજ. | એસ. ડી. ઇન્સ્ટી. ઇન્ડોલોજી |
| ૪૩ | જૈન દર્શન કા આદિકાલ | શ્રી દલસુખ માલવિયા | હિં | એલ. ડી. ઇન્સ્ટી. ઇન્ડોલોજી |
| ૪૪ | સેન્ટ્રલ ફીલોસોફી ઓફ જૈનીઝમ | બિમલક્રિષ્ણ મતિલાલ | અંગ્રે. | એલ. ડી. ઇન્સ્ટી. ઇન્ડોલોજી |
| ૪૫ | પુસ્તક એટલે પુસ્તક | પૂ. આત્મદર્શનવિજયજી | ગુજ. | શ્રી પ્રવીણ હરપોલ ગાલા |
| ૪૬ | વિચારોની ક્રાંતિ | પં. પદ્મદર્શનવિજયજી | ગુજ. | સત્સંગ પરિવાર સુરત |
| ૪૭ | વિચારોની ઉર્જા | પં. પદ્મદર્શનવિજયજી | ગુજ. | સત્સંગ પરિવાર સુરત |
| ૪૮ | પર્યુષણ સન્દેશ લેખમાળા | શ્રી સુરેશચંદ્ર મહાત્મા | હિ. | શ્રીપાલનગર જૈન સંઘ |

## પૂ.આ.શ્રી યોગતિલકસૂરિજી સંપાદિત કથા સાહિત્યમાળા ભાગ ૧ થી ૧૬ અંતર્ગત નીચે મુજબ ૫૦ કથાઓ વીરશાસનમ્ સંસ્થા દ્વારા નુતન પ્રકાશિત સં.૨૦૬૮

| ક્રમ | કથાનું નામ | કથાકાર | ક્રમ | કથાનું નામ | કથાકાર |
|---|---|---|---|---|---|
| ૧ | મોહજિત ચરિત્રમ્ | ક્ષમાસાગરમુનિ | ૨૬ | પાર્શ્વનાથચરિત્રમ્ | ઉદયવીરગણિ |
| ૨ | મેઘનાદમદનમંજરી | -------------- | ૨૭ | શાંતિનાથચરિત્રમ્ | ભાવચંદ્રસૂરિજી |
| 3 | ચમ્પકશ્રેષ્ઠી કથા | -------------- | ૨૮ | ચમ્પૂમણ્ડનમ્ | મણ્ડનમદન્ત્રણ |
| ૪ | શુકરાજકથા | માણિક્યસુંદરસૂરિ | ૨૯ | નેમિનાથચરિત્રમ્ | ગુણવિજયજી |
| ૫ | ત્રિભુવવસિંહચરિત્રમ્ | -------------- | 30 | પાંડવચરિત્રમ્ | દેવવિજયગણિ |
| ૬ | કામદેવનૃપતિકથા | મેરુતુંગસૂરિજી | ૩૧ | વિનોદકથા સંગ્રહ | રાજશેખરસૂરિજી |
| ૭ | અમ્બડચરિત્રમ્ | અમરસુંદરગણિ | ૩૨ | કથારત્નાકર | હેમવિજયગણિ |
| ૮ | સિંહાશનદ્વાત્રિંશિકા | ક્ષેમંકરમુનિ | 33 | શત્રુંજયમહાત્મ્યોલેખ | હંસરત્નવિજય |
| ૯ | ષટ્પુરુષચરિત્રમ્ | ક્ષેમંકરમુનિ | ૩૪ | પૃથ્વીચંદ્રચરિત્રમ્ | રુપવિજયજી |
| ૧૦ | ભરટકદ્વાત્રિંશિકા | આનંદરત્નગણિ | ૩૫ | પ્રબન્ધપશ્ચતી | શુભશિલગણિ |
| ૧૧ | મુનિપતિચરિત્રમ્ | -------------- | ૩૬ | કુમારપાલદેવપ્રબન્ધ | ------------- |
| ૧૨ | મણિપતિરાજર્ષિ | જમ્બુ(નાગ)કવિ | ૩૭ | કુમારપાલપ્રતિબોધ | ------------- |
| ૧૩ | મલયસુંદરી કથા | માણિક્યસુંદરસૂરિ | ૩૮ | કુમારપાલપ્રબન્ધ | જિનમણ્ડનગણિ |
| ૧૪ | રત્નશેખરકથાનમ્ | દયાવર્ધનજી | ૩૯ | ભોજપ્રબન્ધ | રત્નમદન્દરગણિ |
| ૧૫ | શ્રીપાલચરિત્રમ્ | હેમચંદ્રસૂરિજી | ૪૦ | પ્રબન્ધચિંતામણી | મેરુતુંગસૂરિજી |
| ૧૬ | શ્રીપાલચરિત્રમ્ | જ્ઞાનવિમલસૂરિ | ૪૧ | પુરાતનપ્રબન્ધસંગ્રહ | ----------- |
| ૧૭ | શ્રીપાલચરિત્રમ્ | જયકીર્તિસૂરિ | ૪૨ | પ્રબન્ધકોશ | રાજશેખરસૂરિજી |
| ૧૮ | રુપસેનચરિત્રમ્ | જિનસૂરમુનિ | ૪૩ | તિલકમંજરીકથા | ધનપાલકવિ. |
| ૧૯ | પ્રિયંકરનૃપકથા | જિનસૂરમુનિ | ૪૪ | કુવલયમાળાસંક્ષેપ | રત્નપ્રભસૂરિજી |
| ૨૦ | કાલકાચાર્યકથા | સમયસુંદરજી | ૪૫ | યશોધરચરિત્રમ્ | ઉપા. ક્ષમાકલ્યાણ |
| ૨૧ | સદયવત્સકથા | હર્ષવર્ધનગણિ | ૪૬ | સમરાદિત્યચરિત્રમ્ | ઉપા. ક્ષમાકલ્યાણ |
| ૨૨ | જિનદત્તકથા | ગુણસમુદ્રસૂરિ | ૪૭ | ઉપમિતિસારસમુચ્ચય | વર્ધમાનસૂરિજી |
| ૨૩ | ધન્યચરિત્રમ્ | જ્ઞાનસાગરસૂરિશિષ્ય | ૪૮ | ઉપમિતિકથોદ્ધાર | હંસરત્નગણિ |
| ૨૪ | જયાનન્દકેવલિ | પદ્મવિજયગણિ | ૪૯ | મદનરેખાઆખ્યાયિકા | જિનભદ્રસૂરિજી |
| ૨૫ | જૈનરામાયણમ્ | દેવવિજયજી | ૫૦ | ઉપમિતિભવપ્રપચ્ચા | શ્રી સિદ્ધર્ષિ |

# પ્રાય અપ્રાપ્ય પુનઃમુદ્રણ યોગ્ય પ્રત

મુદ્રણયુગની શરૂઆત થયા પછી પ્રાચીન હસ્તપ્રતો ઉપરથી સંશોદન-સંપાદન કરીને પૂજ્ય ગુરુભગવંતો અને વિદ્વાનોએ પોતાની શક્તિ અને સમયનો સદ્ઉપયોગ કરીને ઘણા બધા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. જ્ઞાનપિપાસુ એવા ઘણા બધા શ્રમણ-શ્રમણી ભગવંતોને અભ્યાસ માટે ઉપયોગી છે પરંતુ કાળના પ્રભાવે આજથી પચાસ સાઇઠ વર્ષ પહેલા છપાયેલા પ્રતાકારે ગ્રંથો અત્યારે સક્રીય જ્ઞાનભંડારો ઉપલબ્ધ નથી. અને જે પણ નકલો મળે છે તે પ્રાયઃ જીર્ણશીર્ણ હાલતમાં છે. આ મુદ્રિત ગ્રંથોમાં રહેલ શ્રુતને સાચવવા માટેનો ઉત્તમમાર્ગ જે તે ગ્રંથોને સંશોધિત કરીને અત્યારે ઉપલબ્ધ બીજી હસ્તપ્રતો સાથે પાઠભેદ/પાઠાંતર ભેદની અશુદ્ધિ હોય તો દૂર કરીને શુદ્ધ સ્વરુપે સંપાદન કરીને મુદ્રિત કરાવવા જોઇએ. પરંતુ જો તે શક્ય ન હોય તો જ્ઞાનદ્રવ્યની સહાય વડે પુનઃમુદ્રણ કરીને પણ સાચવવા જરૂરી લાગે છે. તેવા ગ્રંથોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા/ટીકા/સંપા. | ભાષા | વર્ષ | પૃષ્ઠ | પ્રકાશક |
|---|---|---|---|---|---|---|
| ૧ | નિર્વાણ કલિકા | પૂ. પાદલિપ્તસૂરિજી | સં | સં-૧૯૨૬ | ૧૬૦ | નિર્ણય સાગર પ્રેસ |
| ૨ | પ્રતિમા શતક સટીક | ઉપા. યશોવિજયજી | સં | સં-૧૯૮૬ | ૩૨૪ | મુક્તિ કમલ ગ્રંથમાળા |
| ૩ | કહા રયણ કોશો | પૂ. દેવભદ્રસૂરિજી | પા. | સં-૨૦૦૪ | ૩૯૨ | જૈન આત્માનંદ સભા |
| ૪ | શીલ તરંગીની (શીલોપદેશમાલા વૃતિ) | આ. જયકીર્તિસૂરિજી | સં | સં-૧૯૬૬ | ૫૮૫ | હીરાલાલ હંસરાજ |
| ૫ | ધર્મરત્નપ્રકરણ-૧(સટીક) | આ. શાંતિસૂરિજી | સં | સં-૧૯૭૦ | ૬૦૦ | જૈન વિદ્યા પ્રસારક વર્ગ |
| ૬ | ધર્મરત્નપ્રકરણ-૨(સટીક) | આ. શાંતિસૂરિજી | સં | સં-૧૯૭૦ | ૫૫૦ | જૈન વિદ્યા પ્રસારક વર્ગ |
| ૭ | ધર્મરત્નપ્રકરણ-૩(સટીક) | આ. શાંતિસૂરિજી | સં | સં-૧૯૭૦ | ૩૦૦ | જૈન વિદ્યા પ્રસારક વર્ગ |
| ૮ | પંચ સંગ્રહ - ૧ | આ. પ્રેમસૂરિજી | સં | સં. ૧૯૯૪ | ૩૫૦ | મુક્તાબાઇ જ્ઞાનભંડાર |
| ૯ | પંચ સંગ્રહ - ૨ | આ. પ્રેમસૂરિજી | સં | સં. ૧૯૯૪ | ૩૭૫ | મુક્તાબાઇ જ્ઞાનભંડાર |
| ૧૦ | સિંદૂર પ્રકરણ (સટીક) | ------------ | - | સં. ૧૯૮૦ | ૬૦ | હંસવિજયજી લાયબ્રેરી |
| ૧૧ | પંચ સંયત પ્રકરણ (દીપસાગર પ્રજ્ઞપ્તિ) | પૂ. અભયદેવસૂરિ | સં | સં. ૧૯૯૭ | ૧૬૮ | જૈન પ્રસારક સભા |
| ૧૨ | રયણચૂડરાય ચરિત્રમ્ | પૂ. નેમીચંદ્રાચાર્ય | પા | સં. ૧૯૯૮ | ૧૪૬ | મણિવિજયજી ગ્રંથમાળા |
| ૧૩ | ભવિષ્યદત્ત ચરિત્રમ્ | પૂ. મેઘવિજયજીગણિ | સં | સં. ૧૯૯૨ | ૧૫૮ | પં. મફતલાલ ઝવેરચંદ |
| ૧૪ | ઉપદેશ ચિંતામણી-૧ | હરિશંકર કાલીદાસ | - | સં. ૧૯૭૭ | ૩૩૦ | સોમચંદ ધારશી |
| ૧૫ | ઉપદેશ ચિંતામણી-૨ | હરિશંકર કાલીદાસ | - | સં. ૧૯૭૯ | ૪૦૬ | સોમચંદ ધારશી |
| ૧૬ | ઉપદેશ ચિંતામણી-૩ | હરિશંકર કાલીદાસ | - | સં. ૧૯૮૦ | ૫૨૪ | સોમચંદ ધારશી |
| ૧૭ | ઉપદેશ ચિંતામણી-૪ | હરિશંકર કાલીદાસ | - | સં. ૧૯૮૦ | ૧૧૧૨ | સોમચંદ ધારશી |
| ૧૮ | પ્રશ્ન ચિંતામણી | પૂ. વીરવિજયજી | સં | ---- | ૧૬૫ | હીરાલાલ હંસરાજ |
| ૧૯ | સૂરિમન્ત્ર બૃહદ કલ્પ વિવરણ | પૂ. જિનપ્રભસૂરિજી | સં | ઇ. ૧૯૩૪ | ૫૦ | ડાહ્યાભાઇ મહોકમચંદ |
| ૨૦ | કલ્પ સૂત્ર (કલ્પલતા ટીકા) | પૂ. કૃપાચન્દ્રજી | સં | ઇ. ૧૯૩૯ | ૬૦૦ | નિર્ણયસાગર પ્રેસ |
| ૨૧ | દશવૈકાલિક | શ્રી સુમતિસાધુ | સં | સં. ૨૦૧૦ | ૨૭૩ | દેવચંદ લાલભાઇ |
| ૨૨ | મહાવીર સ્તવ પ્રકરણ -૧ | કલ્પલતિકા વૃતિ | સં | સં. ૧૯૯૩ | ૨૭૪ | તારાચંદ મોતીજી જાવાલ |
| ૨૩ | મહાવીર સ્તવ પ્રકરણ -૧ | કલ્પલતિકા વૃતિ | સં | સં. ૧૯૯૩ | ૩૦૬ | તારાચંદ મોતીજી જાવાલ |
| ૨૪ | સ્યાદવાદ બિંદુ | પૂ. દર્શનવિજયજી | સં | સં. ૧૯૭૫ | ૬૬ | જૈન ગ્રંથ પ્રકાશક સભા |
| ૨૫ | સુપાત્રદાન પ્રકાશ | પૂ. દેવેન્દ્રસૂરિજી | પા. | સં. ૧૯૯૫ | ૮૬ | ઋષભદાસ કેશરીમલ |
| ૨૬ | દેવવંદનભાષ્ય | પૂ. ધર્મકીર્તિસૂરિજી | પા/સં | સં. ૧૯૯૪ | ૪૬૨ | ઋષભદાસ કેશરીમલ |

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદન તથા પુનઃમુદ્રણનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

### પૂ. આ. વિજય શીલચન્દ્રસૂરિજી (શાસનસમ્રાટ નેમીસૂરીશ્વરજી સમુદાય)

(૧) ત્રિશષ્ટિશલાકાપુરુષ ચરિત્રમ્ ભાગ-૫ પર્વ ૧૦

(૨) કહાવલી ભાગ-૧ — કર્તા - ભદ્રેશ્વરસૂરિજી

(૩) પાકૃત પ્રબોધ — કર્તા - મલધારિ નરચન્દ્રસૂરિજી

(પાકૃત વ્યાકરણના ઉદાહરણોની સાધનિકા દર્શાવતો ગ્રંથ)

(૪) ત્રિશષ્ટિશલાકાપુરુષ — સારોધ્ધાર ભા. ૧થી ૭ કર્તા-શુભંકરવિજયજી (ગદ્યમાં)

### પૂ. ધર્મરત્નવિજયજી મ. સા. (આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી સમુદાય)

(૧) પન્ચાશક પ્રકરણ - આ. યશોભદ્રસૂરિજી ટીકા

(૨) શ્રી અજિતનાથ ચરિત્ર -આ. દેવાનન્દસૂરિજી (પદ્યાત્મક) — પૂ. પુણ્યવિજયજીની પ્રેસકોપી આધારે

(૩) શ્રી નેમીનાથ ચરિત્ર -આ. રત્નપ્રભસૂરિજી (પદ્યાત્મક) — પૂ. પુણ્યવિજયજીની પ્રેસકોપી આધારે

(૪) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર -ચૂર્ણી ભાગ-૨

### પૂ. આ. શ્રી. વિજય રામચંદ્રસૂરીશ્વરજી દીક્ષા શતાબ્દિ નિમિત્તે પ્રકાશિત થનાર ગ્રંથો

(૧) શ્રમણ ધર્મ - (ધર્મ સંગ્રહ - સારોધ્ધાર ભાગ-૨)

(૨) પિંડનિર્યુક્તિ પરાગ

(૩) ઓઘનિર્યુક્તિ પરાગ

(૪) દ્રવ્ય સપ્તતિકા

(૫) શ્રી નેમીનાથ ચરિત્ર (ભાષાંતર)

### પૂ. આ. શ્રી નરરત્નસૂરિજી મ. સા. (પૂ. સિદ્ધિસૂરિજી બાપજી મ. સા. સમુદાય)

(૧) સંવેગ રંગશાળા - આ. ભદ્રંકરસૂરિજી ભાષાંતર

(૨) ધર્મ સંગ્રહ ભાગ-૨ - આ. ભદ્રંકરસૂરિજી ભાષાંતર

(૩) સોનેરી સૂત્રો - આ. ભદ્રંકરસૂરિજી ભાષાંતર

(૪) અહિંસા દિગ્દર્શન - આ. ધર્મસૂરિજી (કાશીવાળા)

### પૂ. ગચ્છા. આ. કીર્તિસેનસૂરિજી (પૂ. મોહનલાલજી સમુદાય)

(૧) ભરતેશ્વર બાહુબલી - ભાષાંતર ભાગ-૧, ૨, ૩ પુનઃમુદ્રણ

**સંશોધન એ અતિશ્રમસાધ્ય અને સમયસાધ્ય કાર્ય છે. સંયમજીવનની સુંદર આરાધના સાધના સાથે શ્રુતભક્તિ- શ્રુતસેવાને વરેલા વિરલ વિભૂતિ એવા સંયમીઓના શુભચરણોમાં કોટિ કોટિ વંદના..**

## આગમપ્રભાકર પૂ.પુણ્યવિજયજી મ.સા., આગમપ્રજ્ઞ પૂ.શ્રી જંબૂવિજયજી મ.સા. જેવા સંન્નિષ્ઠ શ્રુતસેવકો ને સાચી શ્રદ્ધાંજલી

આપણા પૂર્વધરો, વાચકવર્યો દ્વારા રચાયેલા ગ્રંથો, કે જે માત્ર મુખપાઠ જ રાખવાના હતા, એના એક અક્ષર પણ લખવામાં શાસ્ત્રમાં પ્રાયશ્ચિત જણાવેલું હોય એવા કાળે સમયજ્ઞ પૂ.શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે દીર્ઘ ભવિષ્યનો વિચાર કરીને તત્કાલીન વિકલ્પ રૂપે હસ્તલેખનની પરંપરા શરૂ કરી.

છેલ્લા થોડા વર્ષોમાં પ.પૂ. પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારકશ્રી સાગરાનંદસૂરીશ્વરજી જેવા મહાપુરુષોએ તત્કાલીન સંયોગો અને ઉજ્જવળ ભવિષ્યનો વિચાર કરીને આગમાદિ અઢળક સાહિત્ય મુદ્રણ કરાવી શ્રીસંઘને આપ્યા કે જેનાથી શ્રીસંઘમાં સાધુઓના અભ્યાસનું સ્તર નિઃશંક વધ્યું. સંશોધનો-સંપાદનો વધ્યા.

પૂર્વપુરુષો એ ભવિષ્યની પેઢી પર ઉપકાર થાય એ માટે હિતહૃદયથી જે ગ્રંથોની રચના કરેલી અને જે ગ્રંથોની નકલો માત્ર ગણ્યા ગાંઠ્યા બે-પાંચ-પચ્ચીસ જ્ઞાનભંડારોમાં જ હતી તે સાધુ ભગવંતોને સુલભ બની. કેટલાક ગ્રંથો સર્વપ્રથમ ભલે થોડી ઘણી અશુદ્ધિવાળા પણ છપાયા પરંતુ તદાધારે વિશુદ્ધ સંશોધન-સંપોદન કાર્યને વેગ મળ્યો.

આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મહારાજે તો કમાલ કરી. પ્રાચીન અનેકાનેક હસ્ત લિખિતો પરથી અતિશુદ્ધ પાઠો સંપાદન કરી આગમાદિ ગ્રંથો મુદ્રિત કરાવ્યા, વળી શ્રી ચતુરવિજયજી તથા તેવા અન્ય મહાત્માઓએ વિશુદ્ધ પાઠસંપાદનો પૂર્વકના પ્રકાશનો સંઘને આપ્યા. વર્તમાનકાળે પણ આવા શ્રુતસેવકો, ભલે આંગળીના વેઢે ગણાય એવા પણ છે. તેઓના અતિપરિશ્રમપૂર્વકના શુદ્ધ પ્રકાશનો એ જિનશાસનની સાચી મૂડી છે.

ઉપરોક્ત મહાપુરુષોએ માત્ર રૂપિયા ખર્ચીને કે માત્ર અમુક વ્યવસ્થા ગોઠવીને જ શ્રુતસેવા કરવાના મનોરથ ન સેવતાં શ્રુતજ્ઞાનના વાસ્તવિક પદાર્થોના શુદ્ધિકરણ તથા પાઠોના સંશોધન-સંપાદનમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. આ ઉંચામાં ઉંચા પ્રકારની શ્રુતસેવા છે. એવા શ્રુતસેવકોને લાખો-ક્રોડ વંદના...

આ મહાપુરુષોને સાચી શ્રદ્ધાંજલી અર્પવી હોય તો તે એ જ હોઇ શકે કે પહેલા નંબરમાં શક્તિસંપન્ન સાધુ ભગવંત તેમના ચીલે ચાલી, તેમના માર્ગને આગળ ધપાવે અને શાસનની મહત્વની શ્રુતભક્તિ કરે. શ્રાવક યોગ્ય ઉચિત શ્રુતભક્તિ એ હોઇ શકે કે તેમણે પોતાનું સમગ્ર જીવન નીચોવીને જે શ્રુતગઠન કર્યું હોય તે હવે ભવિષ્યની પેઢીને ૫૦૦-૧૦૦૦ વરસ સુધી સુવિશુદ્ધપણે યથાવત્ સ્વરૂપે મળતુ રહે, તે માટેના યોગ્ય પ્રયત્ન કરવા. શ્રીસંઘોએ જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય તે માટે કરવો.

ભવિષ્યની પેઢીને આ સુવિશુદ્ધ શ્રુતવારસો આપવાના વર્તમાનકાળે બે વિકલ્પ પ્રચલિત છે. (૧) સેંકડો વર્ષો ટકે તેવા કાગળ પર સુવાચ્ય અક્ષરો વડે સંપૂર્ણ શુદ્ધિપૂર્વક તેને લખાવી જવા. (૨) સેંકડો વર્ષ ટકી શકે તેવા કાગળ પર આ ગ્રંથોને મુદ્રિત કરાવવા.

સાંગાનેરી કાગળ ૭૦૦-૮૦૦ કે તેથી વધુ ટકાઉ છે. તેના પર ગ્રંથો લખાવવાનો પ્રથમ વિકલ્પ અપનાવી શકાય કારણકે એમાં આપણી ભાવના-આશય શુદ્ધ છે, આપણો હેતુ પણ સારો છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ વિચારતાં શુભ ભાવથી, સારા આશયથી આરંભાયેલુ આપણું આ કાર્ય લાખો નહિ પણ કરોડો રૂા. જ્ઞાનદ્રવ્યના વ્યય કરીને આપણા ઉદેશ્યને સિધ્ધ કરે છે કે નહિ, એ બહુ મહત્વની વાત છે.

સાધુ ભગવંતને શ્રુતલેખન કરવાનો સમય-રસ-રુચિ વગેરે વર્તમાનકાળે તો નહિવત્ જણાય છે. આ માટે તો આપણે-જેઓને સંસ્કૃત-પ્રાકૃતનું કોઇ જ્ઞાન નથી, ગુજરાતી વ્યાકરણ પણ ક્યારેક પૂરું જાણતા ન હોય, જેઓને શાસન સેવાનો નહિ પણ માત્ર આજીવિકાનો ઉદ્દેશ્ય હોય છે અને એ માટે જેટલું બને તેટલું વધુ શ્રુતલેખન કરીને વધુ વળતર મેળવવાની ભાવના હોય છે. તેઓ કઇ નાત જાતના હોય તેનું પણ વિશેષ ધ્યાન ક્યારેક રખાય કે ન પણ રખાય, તેઓ કઇ અવસ્થામાં લેખનકાર્ય કરે, આગમાદિના લેખન માટે વિકાળની મર્યાદા જાળવે કે ન પણ જાળવે, એ જ્યાં લખતા હોય તેમના ઘરે સ્ત્રીઓના માસિક પીરીયડનો સમય સચવાય કે ન પણ સચવાય, આવા અનેકાનેક પ્રશ્નો જેઓ માટે ઉભા થાય છે. એવા લહિયાઓ ઉપર જ આપણે શ્રુત લખાવવા માટેનો આધાર રાખવો પડતો હોય છે.

કદાચ સારી વ્યક્તિઓ મર્યાદા જાળવીને શ્રુતલેખન કરે તો પણ તેમને સંસ્કૃત-પ્રાકૃતનું જ્ઞાન ૯૯% કેસમાં હોતું જ નથી. એવા લહિયાઓ પાસે પૂ. પુણ્યવિજયજી મ. સા. ના કે પૂ. જંબૂવિજયજી મ. સા. વગેરેના સુવિશુદ્ધ સંપાદનો લખાવવામાં આવે એટલે માનવ સહજ ક્ષતિઓ લેખનમાં અવશ્ય રહે જ. કોઇ લેખકની બીજે સ્થાને, તો કોઇ લેખકની ત્રીજે સ્થાને ક્ષતિ થાય.. આમાંથી નવા નવા પાઠભેદો ઉભા થાય.

એટલે કે એક જ શ્રી આચારાંગ આદિ આગમગ્રંથની ૫૦ કોપી લખાય તો એમાં મૂળપ્રત કરતાં કેટલેય સ્થાને પાઠભેદ થઇ જાય. આનો સીધો અર્થ એ થયો કે જે અનેક હસ્તલિખિત પરથી પૂજ્યશ્રીઓએ શાસ્ત્રપદાર્થોની સંગતિ થાય એ પ્રમાણેનું વિશુદ્ધ સંપાદન કરેલ, એ જ ગ્રંથને ફરી ફરી લખાવીને આપણે એમાં પાઠભેદ કર્યા. એટલે હવે ભવિષ્યની પેઢીને તે ગ્રંથો શુદ્ધ કરવા માટે બીજા કોક પુણ્યવિજયજી મ. સા. કે પૂ. જંબૂવિજયજી મ. સા. ની રાહ જોવી પડશે, તેમના પર આધાર રાખવો પડશે.. તો આ રીતે આપણે એ પુણ્ય પુરુષો પ્રત્યેની શ્રુતભક્તિ અદા કરીએ છીએ કે પછી તેમની અવહેલના કરી એ છીએ તે આંખો બંધ કરીને શાંત અને પરાપૂર્વનો વિચાર કરીને સરળપણે-નિખાલસપણે તટસ્થતાથી ધ્યાનમાં લેવું જોઇએ.

લહિયાઓએ લખેલા ગ્રંથો બ્રાહ્મણાદિ પંડિતો પાસે ચેક કરાવવા, તેને સુધારવા વગેરે પ્રક્રિયા લખવા-બોલવામાં જેટલી રમણીય લાગે છે, તેટલી જ આચરણમાં કઠીન જ હોય છે. અત્યંત ધીરજ અને શ્રમસાધ્ય આ કાર્ય છે. અને તેમાં સંપૂર્ણ સફળતાનો દાવો કરતા પહેલા એકવાર અવશ્ય વિચાર કરવો જોઇએ.

(૨) શ્રુતવારસો સાચવવાનો બીજો માર્ગ પુનર્મુદ્રણનો છે. પૂર્વ પુરુષોની જીવનભરની આ મહેનતને પ્રીન્ટીંગ દ્વારા યથાવત્ સાચવી શકાય છે. એમાં પાઠભેદો વગેરે કોઇ જ પ્રકારના મહત્વના શાસ્ત્રીય દોષ નથી. આરંભ-સમારંભમાં જ બેઠેલા શ્રાવકોએ શ્રુતભક્તિથી કરવાનું આ કાર્ય છે.

સેંકડો વર્ષો સુધી ટકી શકે તેવા વિશિષ્ટ કાગળો પર, એવી જ વિશિષ્ટ શાહીથી જો ગ્રંથો મુદ્રણ કરવામાં આવે તો ભવિષ્યની પેઢીને સુવિશુદધ શ્રુતવારસો આપવાની અને તે દ્વારા પૂર્વપુરુષોને સાચી શ્રધ્ધાંજલી આપવાની આપણી ભાવના આપણે સાકાર કરી શકીએ છીએ.

**સમગ્ર જીવન જેઓએ શ્રુતને સમર્પિત કર્યું. પ્રભુશાસનની અવિચ્છિન્ન શ્રુતસંપદાને જાળવવામાં, રક્ષવામાં, શુદ્ધિ-વૃદ્ધિ કરવામાં જેઓનો અવિસ્મરણીય ફાળો છે. એવા મહાપુરુષોનો કોટિ કોટિ વંદન.**

# પૂજ્ય ગુરુભગવંતોને નમ્ર વિનંતી

પૂ.પં.મેઘદર્શનવિજયજી મ.સા.ના જુદા જુદા વિષયોના પ્રવચનોની નોટબુકની ઝેરોક્ષ નકલ પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોને અભ્યાસ માટે અમારી પાસેથી મળી શકશે.

(૧) ઘરેણું :- પંચસૂત્ર - સમરાદિત્યકથા, પ્રાર્થના સૂત્ર તથા તત્વજ્ઞાનના સુવાક્યો

(૨) પ્રકાશ ભયો અબ જાગો :- ભાવયાત્રા, જાહેર પ્રવચનો, શિબિર અને નવકારમંત્ર

(૩) ધર્મબિંદુ ગ્રંથ :- પૂ.હરિભદ્રસૂરિજી નું જીવન તથા માર્ગાનુસારિના ૩૫ ગુણો

(૪) સમાધિસાધના :- ક્રોધ પરના પ્રવચનો, આત્માની ૧૫ પ્રકારે સાબિતી

(૫) જીવન સૌંદર્ય :- ૧૫-૫૦ વર્ષના યુવક-યુવતી માટેના શિબિર પ્રવચનો
૧૫-૨૪ વર્ષના યુવક-યુવતી માટેના શિબિર પ્રવચનો

(૬) પર્યુષણ કલ્પ પર્યુષણ પર્વના પ્રવચનો તથા જીવન જીવવાની કળા

---

★ ન્યાયના અભ્યાસ માટે સિધ્ધાંત લક્ષણની પૂ.સાધ્વીજી હેમરેખાશ્રીજી મ.સા. (પૂ.આ.ગુણરત્નસૂરિજી સમુદાય)ની નોટની ઝેરોક્ષ મળશે.

★ પૂ.આ.યશોવિજયસૂરિજી મ.સા.ના તપોવન સંસ્કાર પીઠ (સાબરમતી) ના પાંચદિવસિય વાચનાની નોટબુકની ઝેરોક્ષ ઉપલબ્ધ છે.

---

પૂ.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.દ્વારા મળેલ માહિતી પ્રમાણે

મુંબઇની "શ્રમણોપાસક પરિવાર" સંસ્થાના ઉપક્રમે યુવાનોએ જ્ઞાનભંડારની એન્ટ્રી કરવા માટેનો સુંદર ઉત્તમકક્ષાનો સોફ્ટવેર તૈયાર કર્યો છે. જેમાં જ્ઞાનભંડારો પોતાની એન્ટ્રી કરી શકશે અને બીજા ભંડારોમાં રહેલ પુસ્તકોની માહિતી મેળવી શકશે.

વેબસાઇટ :- www.shrijainsangh.org અને Email : kad@bhadreshjoshi.com

પૂ.આ.અજિતશેખરસૂરિજી ના માર્ગદર્શનથી શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ દ્વારા બનાવવામાં આવેલ જ્ઞાનભંડારોની એન્ટ્રી કરવા માટેનો સોફ્ટવેર પણ ઓનલાઇન ઉપલબ્ધ છે.

વેબસાઇટ :- www.shrutsangam.org

સંપર્ક :- કલ્પેશ હેક્કડ - 9324921070 સંદીપ શાહ - 9371654514

---

શ્રુતજ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેવા કે સંશોધન, સંપાદન, શ્રુતરક્ષણ જ્ઞાનભંડારોના જાળવણી વગેરે વિષયક આપના મનનીય વિચારો, શોધલેખો, પ્રેરણાલેખો, અભિપ્રાયો લખી મોકલવા વિનંતી.. જેને પરિપત્રમાં યથાયોગ્ય સ્થાન આપી શકાશે.

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com